## પ્રકરણ - (૮)

### પાઠ્ય-ગુણ વિધાન

પાઠ્ય recitation એ વાચિક અભિનયનો પ્રાણ છે. વાચિક અભિનયની રજૂઆત પાઠ્ય દ્વારાજ શક્ય બને છે, એટલે ભરતમુનિએ 'પાઠ્ય-ગુણ વિધાન'નું વિસ્તૃતપણે નિરુપણ કર્યું છે. અભિનવગુપ્ત જણાવે છે તેમ અહીં 'ગુણ' શબ્દ 'ધર્મ' વાચક નહી પરંતું ઉપકરણવાચક છે, જેની અંતર્ગત પાઠ્યના ઉપકારક તત્વો અથવા ઉપકરણોનું વ્યાપક વિશ્લેષણ ભરતમુનિએ રજુ કર્યું છે. આ પાઠ્યરુપ વાચિક અભિનય નાટ્યનું શરીર છે, અન્ય અભિનયો તેના આધારે પરિપલ્લવિત થાય છે.

અભિનવગુપ્તના કથન અનુસાર નટ સ્વયં કવિ પણ હોય છે અને કવિત્વયુકત પણ. આ અભિપ્રાયને ધ્યાનમાં રાખી ભાષાવિધાન સમજી પાઠ્યનું વિધાન બતાવવામાં આવ્યું છે. અર્થાત્ પરિજ્ઞાનપૂર્વક કાવ્યનું નિર્માણ થાય તથા અવસર આવે પાઠ્યનો પ્રયોગ પણ થાય. જો અન્ય કવિ હોય તો પાઠ્યની સંજ્ઞા પ્રયોગનું મૂળભૂત તત્વજ બની જાય છે એટલે તદાનુંસાર જ પ્રયોકતાઓએ તેનો વ્યવહાર સમજીને કરવો જોઇએ.

નાટ્યશાસ્ત્રના ૧૯માં અધ્યાયમાં સંબોધનવિધિ તથા નામવિધાન નિરુપ્યા પછી ભરતમુનિ પાઠ્યના ગુણ તથા સ્વરુપ આ પ્રમાણે નિરુપે છે.

### પાઠ્યના ગુણ તથા સ્વરુપ

ભરતમુનિ પાઠ્યના છ ગુણો વર્ણવે છે.

(૧) સાત સ્વર (૨) ત્રણ સ્થાન (૩) ચાર વર્ણ (૪) બે પ્રકારના કાકુ, (૫) ૬ અલંકાર (૬) પાંચ અંગ. (શ્લોક ૩૭ પછીનો ગદ્યખંડ અધ્યાય ૧૬)

### (૧) સ્વર

ભરતમુનિના મત પ્રમાણે સ્વર સાત છે. : (૧) ષડજ (૨) ઋષભ (૩) ગાન્ધાર (૪) મધ્યમ (૫) પંચમ (૬) ધૈવત (૭) નિષાદ. આ સ્વરોને વિભિન્ન રસો પ્રમાણે

ઉપયુક્ત તેમજ અનુકૂળ સ્થિતિમાં પ્રયોજવા જોઇએ. (અધ્યાય ૧૯ શ્લોક ૩૮ પૂર્વનો ગદ્યખંડ)

હાસ્ય તથા શૃંગાર રસમાં મધ્યમ તથા પંચમ સ્વર, વીર, રૌદ્ર અને અદ્ભુત રસમાં ષડજ તથા ઋષભ સ્વર, કરુણ રસમાં ગાન્ધાર અને નિષાદ તથા બીભત્સ અને ભયાનક રસમાં ધૈવત સ્વર પ્રયોજવો. ( શ્લોક ૩૮ થી ૪૦)

અભિનવગુપ્તના કથન અનુસાર સ્વરજ કાકુમાં પણ ઉપયોગી થાય છે. સ્થાનાદિ તેના પરિકર હોય છે. ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત તથા કંપિત નામથી શાસ્ત્રમાં સ્વર પ્રસિધ્ધ છે. તેમાં જે અનુરણનમય રકિત અથવા અનુરંજનાની પ્રક્રિયા છે તેનો ત્યાગ કરવો જોઇએ કારણ કે તેનો સમાવેશ ગીતમાં થાય છે. તે સિવાયના બાકી જે ઉચ્ચ, નીચ તથા મધ્યવર્તી સ્થાનનો સ્પર્શતા હોય તે પાઠ્યમાં ઉપયોગી બને છે. જો પાઠ્યમાં સ્વરગત રકિતનો પ્રધાનપણે આશ્રય લેવામાં આવે તો પછી તે ગાનક્રિયા થશે, પાઠ્ય નહીં.

સાત પ્રકારના સ્વર નિરુપ્યા પછી ભરતમુનિ સ્વરોના સ્થાન આ પ્રમાણે નિરુપે છે.

(૨) સ્થાન

ભરતમુનિ સ્વરોના ત્રણ સ્થાન જણાવે છે. (૧) ઉરસ્થલ અર્થાત્ છાતી (૨) કણ્ઠ અને (૩) શીર્ષ. માનવના શરીરમાં તેમજ વીણામાં સ્વરના ત્રણ નિયત સ્થાન હોય છે. (૧) છાતી (૨) કણ્ઠ (૩) મસ્તક. (અધ્યાય ૧૯ શ્લોક ૪૦)

આ ત્રણે સ્થાનોમાંથી કાકુ સ્વર પ્રવૃત્ત થાય છે.

સ્વરોની ઉત્પત્તિ નાદમાંથી થઇ. જીવાત્મા જ્યારે બોલવાની ઇચ્છા કરે છે તો સર્વ પ્રથમ તેને માનસિક પ્રેરણા થાય છે. મન શરીરમાં સ્થિત અગ્નિને પ્રેરિત કરે છે. અગ્નિ પવનને અને પવન નાભિ સ્થાનથી નીકળી અનુક્રમે હૃદય, કંઠ તથા મસ્તકમાં ગતિ ઉત્પન્ન કરી અન્તે મુખ દ્વારા ધ્વનિરુપે પ્રગટ થાય છે. આ નાભિ સ્થાનથી ઉત્પન્ન ધ્વનિને સૂક્ષ્મ રુપે 'નાદ' કહેવામાં આવે છે. આ નાદના ત્રણ પ્રકાર છે. હૃદયમાંથી ઉત્પન્ન નાદને મન્દ્ર, કંઠમાંથી ઉત્પન્ન નાદને મધ્ય તથા મસ્તકમાંથી ઉત્પન્ન નાદને તાર કહે છે. આજ આશયથી ભરતમુનિ સ્વરના ત્રણ સ્થાનનો નિર્દેશ કરે છે. ભરતમુનિ શરીરને વીણા સાથે સરખાવે છે

તેના સંદર્ભમાં અભિનવગુપ્ત જણાવે છે કે વીણા બે પ્રકારની હોય છે જેમાં એક શરીરરુપી વીણા છે. જેમાં ઉર:, શિર તથા કણ્ઠ સ્થાન છે. આ વીણા બિમ્બ સ્થાનીય હોય છે. બીજી વીણા તુમ્બી ઘટિતા હોય છે. દણ્ડરુપા વીણા બાહ્ય વીણા છે તથા આ પ્રતિબિમ્બ સ્થાનીયા છે. આ બાહ્ય વીણામાં કાકુની સંપત્તિ વિદ્યમાન હોય છે જે રંજનાત્મક સ્વર- - સ્વરુપ છે. શારીરીની સાથે વીણા શબ્દ કહેવાનો આશય એ છે કે તે શરીરમાં વિવૃત હૃદયાકાશ રુપે પરિગ્રહણ હેતું છે કારણ કે આકાશ વિના શરીર માત્રમાં સ્વરની નિષ્પત્તિ થઇ શકતી નથી, તે થાય તો તે આકાશમાં થાય છે. અન્ય જે દણ્ડ વીણા (તુમ્બી ઘટિતા) છે તે ઉત્તરોત્તર વિચ્છિન્ન સ્થાન વડે વિશિષ્ટ બાહ્ય વીણા કહેવાય છે. તેમાં પણ સ્વરોના નિષ્પત્તિ સ્થાન હોય છે. શારીરી વીણામાં ઉર:, કંઠ તથા શિર: આ ત્રણ નિયત સ્થાન છે. તે પ્રમાણે બાહ્ય વીણામાં પણ તારોના સ્થાન હોય છે જે સોપાન પંક્તિની જેમ ક્રમિક રહે છે. એટલે તેનાથી કાકુસ્વર લક્ષિત થાય છે તથા તેના આધારે તેનું લક્ષણ થયું છે. કાકુ જિહ્વાના વ્યાપાર વડે સમ્બદ્ધ હોવાથી કાકુ કહેવાય છે. શરીરના ત્રણ સ્થાનો શિર, કણ્ઠ, તથા ઉરસ્ ના વિશિષ્ટ ક્રમ વડે સ્વરોનું ઉત્થાન થાય છે તથા કાકુનો પ્રયોગ પણ.

સ્વરોના ત્રણ સ્થાન વર્ણવ્યા પછી શ્લોક ૪૧ માં તેમજ ઉચ્ચારણના અંગોનું વિવરણ કરતી વેળા ભરતમુનિ આ ઉચ્ચારણ અંગોનો પ્રયોગ ત્રણ સ્થાનોથી ઉત્પન્ન ત્રિવિધ સ્વરોના માધ્યમથી કરવાનું વિધાન કરે છે. તેના સંદર્ભમાં તેઓ ત્રિવિધ સ્થાનથી ઉત્પન્ન ત્રિવિધ સ્વરોના નામ તથા વિનિયોગ સંબંધી વિસ્તૃત ચર્ચા કરે છે તે પ્રમાણે -

| સ્થાન | સ્વર | વિનિયોગ |
|---|---|---|
| શિર | તાર | દૂરસ્થ પાત્રને બોલાવવામાં. |
| કણ્ઠ | મધ્ય | અધિક દૂર ન હોય તેવા પાત્રને બોલાવવામાં |
| વક્ષ:સ્થલ | મન્દ્ર | સમીપ સ્થિત પાત્ર સાથે વાર્તાલાપ કરવામાં |

(શ્લોક ૪૧ તેમજ ઉચ્ચારણના અંગો સંબંધી ગદ્યાંશ)

દૂર રહેલા પાત્રની સાથે સંભાષણ કરતી વેળા 'શિર'નો થોડે દૂર રહેલા પાત્ર સાથે વાતચીત કરતી વેળા 'કણ્ઠ'નો તથા પાસે રહેલા પાત્ર સાથે સંવાદની સ્થિતિમાં ઉરસ્નો વિનિયોગ થાય છે. અભિનવગુપ્ત જણાવે છે કે દૂરસ્થ પાત્રોને શિર અથવા મૂર્ધા નિષ્પન્ન સ્વરથી તાર અથવા ઉચ્ચ ધ્વનિમાં બોલાવવામાં અથવા સંભાષણ કરવામાં આવે છે જ્યારે અતિ દૂર ન હોય ત્યારે કણ્ઠના મધ્ય સ્વરથી સંભાષણ કરવામાં આવે છે. તેજ પ્રમાણે સમીપવર્તી પાત્ર સાથે ઉરસ્ અથવા વક્ષ:સ્થલની સમીપવર્તી મન્દ્ સ્વરથી સંભાષણ કરવામાં આવે છે.

## સ્વર વિનિયોગના નિયમો

ભરતમુનિના કથન અનુસાર -

(૧) પાઠ્ય સ્વરનો પાઠ કરતી વેળા જ્યારે કોઇ વાક્યનો છાતી-વક્ષ:સ્થલના સ્થાનથી સસ્વર પ્રારંભ કરવામાં આવે તો તેને શીર્ષ સ્થાન સુધી લૈયી પછી કણ્ઠ સ્થાને ઉતારવું જોઇએ. (શ્લોક ૪૨)

(૨) ક્યારે પણ મન્દ્ સ્વરથી એકદમ તાર સ્વરે કે તાર સ્વરેથી મન્દ્ સ્વરે પહોંચવું ના જોઇએ. મન્દ્રાત્તારં ન ગચ્છેત્ તારદ્વા મન્દમિતિ । (શ્લોક ૫૯ પછીનો ગદ્યખંડ)

અભિનવગુપ્તની ટીકા પ્રમાણે પાઠ્યનો આરંભ મન્દ્ સ્વરથી કરી તેને તાર સ્વર સુધી લઇ જઇ પછી મન્દ્ સ્વર પર સમાપ્ત કરવો જોઇએ. જ્યારે દીપ્તરુપ ક્રોધાદિ ભાવથી કે મન્દ્ શોકાદિ ભાવથી હૃદય આવિષ્ટ ન હોય તો વક્તવ્ય વસ્તુના વિષયગત ઉત્સાહના વિસ્ફારણથી સ્વરને તાર સુધી લઇ જઇ ઉપસંહાર સમયે મધ્યમાં વિશ્રામ કરવો એજ સામાન્યપણે પાઠ્યનો ધર્મ અથવા વિધાન છે.

કહેવાનો આશય એ કે જો મન્દ્ સ્વરથી એકદમ તાર સ્વરે કે તાર સ્વરેથી એકદમ મન્દ્ સ્વરે પહોંચવામાં આવે તો તેનાથી સ્વરોના આરોહ અવરોહમાં સુસંવાદિતા harmony જળવાતી નથી અને કર્કશતા આવી જાય છે.

સ્વર વિનિયોગ સંબંધી નિયમો આપ્યા પછી ભરતમુનિ પાઠ્યમાં પ્રયોજાતા વર્ણ સંબંધી ચર્ચા કરે છે.

(૩) વર્ણ

ભરતમુનિ પાઠ્યમાં ચાર પ્રકારના વર્ણો પ્રયોજવાનું કહે છે. (૧) ઉદાત્ત (૨) અનુદાત્ત (૩) સ્વરિત અને (૪) કમ્પિત. (શ્લોક ૪૩)

હાસ્ય તથા શૃંગાર રસમાં સ્વરિત અને ઉદાત્ત સ્વર, વીર, રૌદ્ર, તથા અદ્ભૂત રસોમાં ઉદાત્ત અને કમ્પિત સ્વર, કરુણ, વાત્સલ્ય અને ભયાનક રસમાં અનુદાત્ત, સ્વરિત અને કમ્પિત સ્વર રહેવા જોઇએ. (શ્લોક ૪૩ પછીનો ગદ્ય ખંડ)

આધુનિક રંગમંચ ઉપર Voice - control ના સંદર્ભમાં accent (એકસેંટ) અર્થાત્ ઉચ્ચારણનો સ્વરભાર, ભાષા બોલવાની કે ઉચ્ચારવાની વિશિષ્ટ ઢબ, તાલબધ્ધ કે લયાત્મક સ્વરાઘાત એવા શબ્દોનો પ્રયોગ પ્રચલિત છે. ભરતમુનિએ આજ અર્થમાં 'વર્ણ' શબ્દ પ્રયોજ્યો છે. વર્ણ એટલે સ્વરભાર.

અભિનવગુપ્તના કથન અનુસાર ઉચ્ચ, નીચ તથા મધ્યમ તેમજ ઉચ્ચ, નીચ રુપ અવલંબનથી સ્વરોના આ ચાર ધર્મ હોય છે. પાઠ વિશેષની ક્રિયાનો વિસ્તાર કરનારા વર્ણને ગુણ કહે છે અથવા સ્વાર્થ વિશેષને વિકૃત અથવા પ્રકટ કરનારા વર્ણ ગુણ છે.

હાસ્યમાં મધ્યમાં અથવા પંચમ જાતિના સ્વરો ગ્રહણ કરી, ઉચ્ચ મધ્યમ સ્થાનનો સ્પર્શ કરી પાઠ કરવામાં આવે છે તેજ પ્રમાણે શૃંગાર, હાસ્ય તથા વીર આ ત્રણે રસમાં ષડજા તથા આર્ષભી અંશ લઇ તેમાં ઉદાત્ત તેમજ કમ્પિત વર્ણથી પાઠ કરવામાં આવે છે. ભયાનકમાં ધૈવતીયાણિ સ્વરનો આશ્રય લઇ કમ્પિત વર્ણો વડે પાઠ થાય છે. આ પ્રમાણે આગળની જાતિઓના વિનિયોગ અનુસારી સ્વરોના અનુવાદ દ્વારા ઉદાત્તાદિ વર્ણોમાં અને નહિ કે સ્વરોમાં તાત્પર્ય લેવામાં આવે કારણ કે તેના અન્તરાલાપનું ગ્રહણજ પ્રયોજન છે.

પાઠ્યના વર્ણ 'નિરુપ્યા પછી 'કાકુ'નું વર્ણન ભરતમુનિ આ પ્રમાણે કરે છે.

(૪) કાકુ

ભરતમુનિ કાકુના બે પ્રકાર વર્ણવે છે. (૧) સાકાંક્ષ (૨) નિરાકાંક્ષ. વાક્યનો આશય સાકાંક્ષ અને નિરાકાંક્ષ આ બે વાતો પર નિર્ભર રહેતો હોવાથી કાકુના પણ બે પ્રકાર પડે છે. (શ્લોક ૪૪ પૂર્વેનો ગદ્યખંડ)

એવું વાક્ય કે જે પોતાનો અર્થ પૂર્ણપણે પ્રગટ નથી કરતું તેવા વાક્યને સાકાંક્ષ અને જે પોતાનો અર્થ પૂર્ણપણે પ્રગટ કરે છે તે વાક્ય નિરાકાંક્ષ વાક્ય કહેવાય છે. (શ્લોક ૪૪)

જો કોઇ વાક્ય ઉચ્ચારતી વેળા જેનો અર્થ પૂર્ણપણે પ્રગટ થતો ન હોય અને જેમાં કંઠ તથા વક્ષ:સ્થલના પ્રદેશમાંથી સ્વર ઉત્પન્ન થતો હોય, જે તાર સ્વરથી આરંભ પામી મન્દ્ સ્વરમાં સમાપ્ત થતો હોય તથા જેમાં વર્ણ અને અલંકારોની પૂર્ણતા ન હોય તેને સાકાંક્ષ કાકુ કહે છે. જો કોઇ વાક્ય ઉચ્ચારતી વેળા જેનો અર્થ પૂર્ણપણે પ્રગટ થતો હોય તથા જેમાં તાર (મૂર્ધન્ય) સ્વરથી આરંભ થઇ મન્દ્ સ્વરમાં સમાપ્તિ થઇ જતી હોય તથા જેમાં વર્ણ અને અલંકાર પૂર્ણપણે વિદ્યમાન હોય તો તેને નિરાકાંક્ષ કાકુ કહે છે.

( શ્લોક ૪૪ પછીનો ગદ્યખંડ)

આધુનિક રંગભૂમિ ઉપર Voice control ના સંદર્ભમાં પ્રયોજાતો શબ્દ Intonation ઇનટોનેશન, અવાજનો આરોહ અવરોહના પર્યાય તરીકે ભરતમુનિએ 'કાકુ' સંજ્ઞા પ્રયોજી છે. કાકુ એ તો પાઠ્ય ગુણનો પ્રાણ છે. કાકુ દ્વારા સ્વરવૈચિત્ર્ય પેદા થવાથી અર્થની નવીન ભૂમિનો વિસ્તાર થાય છે. સાકાંક્ષ અને નિરાકાંક્ષ એ બે કાકુના બે ભેદ છે. સાકાંક્ષ પ્રકરણાદિની અપેક્ષા રાખે છે અને તેમાં તારથી મન્દ્ સુધી સ્વર, અર્થ અનિયત, ઉદાત્ત આદિ વર્ણ તથા ઉચ્ચ આદિ અલંકાર અપરિસમાપ્ત રહે છે પણ નિરાકાંક્ષમાં અર્થ નિયત, વર્ણાલંકાર પરિસમાપ્ત, સ્થાન શિર અને મન્દ્ થી તાર સુધીના સ્વરોની યોજના થાય છે. આ કાકુનું સંપાદન જિહ્વા દ્વારા થાય છે. ઉચ્ચ દીપ્ત વિગેરે તથા પાઠ્યના સંધિ-વિચ્છેદ દ્વારા કાકુને પ્રધાનતા આપવામાં આવે છે.

'કાકુ' ના નિરુપણ પછી ભરતમુનિ સ્વરોના અલંકાર વર્ણવે છે.

## (૫) અલંકાર

ભરતમુનિ, પાઠ્યમાં સ્થિત સ્વરોના ૬ અલંકારો વર્ણવે છે. (૧) ઉચ્ચ (૨) દીપ્ત (૩) મન્દ્ (૪) નીચ (૫) દ્રુત (૬) વિલમ્બિત. (શ્લોક ૪૫)

| અલંકાર | લક્ષણ | યોજના |
|---|---|---|
| ઉચ્ચ | (૧) શિરસ્થાનગત અર્થાત મસ્તકમાંથી ઉત્પન્ન/મૂર્ધ સ્થાનમાંથી ઉત્પન્ન.<br>(૨) તાર સ્વર અર્થાત થોડા ઉંચા સાદે બોલાય. | દૂરસ્થ વ્યક્તિ સાથે સંભાષણ વિસ્મય, પરસ્પર વાદવિવાદ, દૂરસ્થ વ્યક્તિને બોલાવવી, ત્રાસ. |
| દીપ્ત | (૧) શિરસ્થાનગત અર્થાત મસ્તકમાંથી ઉત્પન્ન/મુર્ધા સ્થાનમાંથી ઉત્પન્ન.<br>(૨) તારતર સ્વર અર્થાત વધુ ઉંચા સાદે બોલાય. | આક્ષેપ, યુધ્ધ, કલહ, વિવાદ, અમર્ષ, જોરથી ખેંચવું, ક્રોધ, શૌર્ય, અહંકાર, રુક્ષ જવાબ આપવો, લઢવું, રડવું. |
| મન્દ્ | (૧) ઉર:સ્થાનગત અર્થાત વક્ષ:સ્થલમાંથી ઉત્પન્ન. | નિર્વેદ, ગ્લાનિ, શંકા, ચિન્તા, ઔત્સુક્ય, દૈન્ય, વ્યાધિ, શસ્ત્રનો ઘા, મૂર્છા, મદ, ગૂઢ અર્થવાળા શબ્દો કહેવા. |
| નીચ | (૧) ઉરસ્થાનસ્થ અર્થાત વક્ષ:સ્થલથી ઉત્પન્ન થાય છે. | સ્વાભાવિક સંભાષણ, વ્યાધિ, ચાલવાથી થાકવું, ત્રસ્ત, વ્યક્તિ પડવાની તથા મૂર્છા પામવાની દશામાં હોય ત્યારે |
| દ્રુત | (૧) કણ્ઠગત અર્થાત કંઠમાંથી ઉત્પન્ન.<br>(૨) ત્વરિત અર્થાત શીઘ્રતાથી ઝડપથી ઉચ્ચારિત. | સ્ત્રી દ્વારા બાળકને સાંત્વના આપવામાં અથવા ચૂપ કરવામાં પ્રિયનો પ્રસ્તાવ અસ્વીકૃત કરવામાં ભય, શીત, જ્વર, ત્રાસ, આવેગ, ગુપ્ત અને આવશ્યક અથવા જલ્દીથી કરવામાં આવેલ કાર્ય બતાવવા માટે. |

| | | |
|---|---|---|
| વિલમ્બિત | (૧) કણ્ઠગત સ્થાનગત અર્થાત કંઠમાંથી ઉત્પન્ન. | શૃંગાર, કરુણ, વિતર્ક, વિચાર, અમર્ષ, અસુયા, અટપટી વાતો, લજ્જા ચિન્તા, તર્જન, વિસ્મય, દોષકથન યા નિન્દા, દીર્ઘ રોગ- લાંબી બીમારી તથા પીઠા વિગેરેમાં. |

---

આધુનિક રંગમંચ ઉપર લોકપ્રિય શબ્દ 'અવાજના આરોહઅવરોહ'ના સંદર્ભમાં જ ભરતમુનિએ ૬ અલંકારો વર્ણવ્યા છે કારણ કે અલંકાર વર્ણવ્યા પછી આનુવંશ્ય શ્લોકોના આધારે વર્ણવેલા 'કાકુસ્વર' એ અલંકારના જ પર્યાય છે કારણ કે બંનેના પ્રભેદો એકજ છે.અભિનવગુપ્ત પણ જણાવે છે કે જે અલં અર્થાત પર્યાપ્તપણે કાકુના સ્વરુપને પ્રગટ કરી આપે છે તે અલંકાર છે. ત્રણ સ્થાનોમાં પ્રત્યેકની ઉર્ધ્વ, અધ: તથા મધ્યની કલ્પનાધ્વારા ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત તથા કમ્પિના નિર્વાહ ધ્વારા તેનું સ્વરુપ નિષ્પન્ન થાય છે. તેમાં આવેશના અભાવને લીધે તમામ સ્થાનોમાં મધ્ય ભાગમાં તે વિદ્યમાન રહે છે પરંતું ઉર્ધ્વ તથા અધ:ભાગમાં તે આવેશની સ્થિતિ અથવા ભાવમાં હોય છે. આ પ્રમાણે ત્રણે સ્થાનોમાં પ્રત્યેકના અવલંબનથી છ અલંકાર બને છે.

## કાકુ સ્વર વિધાન

ભરતમુનિ કાકુસ્વર સંબંધી કેટલાક આનુંવંશ્ય શ્લોકો ટાંકે છે. તદાનુસાર કાકુસ્વરના ૬ પ્રકાર છે. ઉચ્ચ, દીપ્ત, દ્રુત, મન્દ્ર, વિલમ્બિત, નીચ.તેના વિનિયોગ સંબંધી વિધાન કરતી વેળા ભરતમુનિ આનુવંશ્ય શ્લોકો ટાંકે છે, તે પ્રમાણે :

(૧) ઉચ્ચ, દીપ્ત અને દ્રુત કાકુસ્વર :

પ્રશ્ન અને ઉત્તરની ઝડી વરસતી હોય, કઠોર વચનમાં આરોપ પ્રતિ આરોપ ચાલતા હોય, તીખાં અને રુક્ષ વેણ ઉચ્ચાર્યાં હોય ત્યારે તેમજ આવેગ, આક્રંદ, અપ્રત્યક્ષ વ્યક્તિને યુધ્ધ માટે આહ્વાન આપવું, કોઇને ભયભીત કરવામાં અથવા

કષ્ટ આપવામાં, દૂરને સ્થાને સ્થિત વ્યક્તિને બોલાવવામાં તથા કોઈની ભર્ત્સના કરવામાં વિવિધ રસ તથા ભાવોથી યુક્ત ( નાનારસસમાશ્રયા) ઉચ્ચ, દીપ્ત તથા દ્રુત કાકુ સ્વર પ્રયોજવો જોઈએ. (શ્લોક ૪૬ થી ૪૮) (અધ્યાય ૧૯)

(૨) મન્દ્ર તથા નીચ કાકુસ્વર

વ્યાધિ, જ્વર, ભૂખ, તરસ, તુચ્છ વ્યક્તિને જોવો, નિયમન, વિતર્ક, શસ્ત્રનો ઉંડો ઘા, ગુઢ વચનો, ઔત્સુક્ય, ચિંતા, તપસ્વી અવસ્થા, વિગેરેમાં મન્દ્ર તથા નીચ કાકુ સ્વરનો નાટ્યમાં પ્રયોગ કરવો જોઈએ. (શ્લોક ૪૯-૫૦)

(૩) મન્દ્ર તથા દ્રુત કાકુસ્વર :

મા દ્વારા બાળકને લાડ લડાવવામાં, પ્રણય પ્રસ્તાવની અસ્વીકૃતિમાં, ભય તથા શીત દ્વારા કષ્ટ આપવામાં મન્દ્ર તથા દ્રુત કાકુસ્વરનો નાટ્યમાં પ્રયોગ કરવો જોઈએ.
(શ્લોક ૫૧)

(૪) વિલમ્બિત, દીપ્ત તથા મન્દ્ર કાકુસ્વર

કોઈ ખોવાયેલી વસ્તુ નજરે પડતાં તેનો પીછો કરવામાં, કોઈ અણગમતી વ્યક્તિ અથવા વચન સાંભળવામાં, કોઈ ઈષ્ટ વસ્તુ બતાવવામાં અથવા પ્રગટ કરવામાં, ચિન્તાગ્રસ્ત અવસ્થામાં, ઉન્માદ, અસુયા, ઉપાલમ્ભ, અત્યંત ગુપ્ત વાત કહેવામાં, વાર્તા સંભળાવવામાં, ઉત્તરોત્તર ભાષણ કરવામાં, અત્યંત કાર્ય-વ્યસ્ત રહેવામાં, શરીરનો કોઈ અવયવ કપાઈ જવામાં અથવા શરીરના કોઈ ભાગમાં પીડા થવામાં, દુઃખ-શોકગ્રસ્ત અવસ્થામાં, વિસ્મય, ક્રોધ, હર્ષ અથવા રડવામાં વિલમ્બિત દીપ્ત તેમજ મન્દ કાકુસ્વર પ્રયોજવો જોઈએ. (શ્લોક ૫૨ થી ૫૫)

(૫) મન્દ્ર તથા વિલમ્બિત કાકુ સ્વર :

કોઈ હર્ષપ્રદ વાત અથવા સુખકારી ભાવ પ્રગટ કરતી શબ્દાવલિ હોય - સૌમ્ય અર્થથી યુક્ત તથા સુખભાવની નિદર્શક પદાવલિ હોય ત્યારે મન્દ તથા વિલમ્બિત કાકુસ્વર યોજવો જોઈએ. (શ્લોક ૫૬)

(૬) દીપ્ત તથા ઉચ્ચ કાકુસ્વર

જ્યારે ઉચ્ચારિત શબ્દોમાં તીખાશ અને બરછટપણું પ્રગટ થતા હોય અર્થાત તીખા અને બરછટ વેણ કહેવામાં દીપ્ત અને ઉચ્ચ કાકુસ્વર પ્રયોજવો જોઇએ. (શ્લોક ૫૭)

વિવિધ રસોમાં નિયત કાકુસ્વર

ભરતમુનિના મત પ્રમાણે ભાવ અને રસને અનુકુળ કાકુ સ્વરોનો ઉચિત વિનિયોગ સાધવો જોઇએ. (શ્લોક ૫૯)

| રસ | કાકુ સ્વર |
|---|---|
| હાસ્ય, શૃંગાર તથા કરુણ | વિલમ્બિત |
| વીર, રૌદ્ર તથા અદ્ભુત | દીપ્ત |
| ભયાનક તથા બીભત્સ | દ્રુત અને નીચ |

(અધ્યાય ૧૯ શ્લોક ૫૮/૫૯)

કાકુસ્વર નિરુપણ પછી ઉચ્ચારણના enunciation ના વિવિધ અંગો ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

ઉચ્ચારણનાં અંગો

ભરતમુનિ ઉચ્ચારણના છ અંગો જણાવે છે. (૧) વિચ્છેદ (૨) અર્પણ (૩) વિસર્ગ (૪) અનુબન્ધ (૫) દીપન (૬) પ્રશમન. (શ્લોક ૫૯ પછીનો ગદ્યખંડ)

(૧) વિચ્છેદ :

વિરામને કારણે ઉદ્ભવતા (અંગને) વિચ્છેદ કહે છે. વિચ્છેદો નામ વિરામકૃતઃ ।

પાઠ્યમાં વિચ્છેદ વિરામના કારણે સંભવે છે. વિરામ અર્થદર્શક હોય છે. તે નાટ્યાર્થના અનુરોધથી ઉદ્ભવે છે., વૃત્ત (છન્દ)ના કારણે નહીં. વિભિન્ન અવસ્થાઓના અભિનય પ્રસંગે પ્રયોકતાના હસ્ત વિગેરે અંગોપાંગ વ્યસ્ત રહે છે. અર્થાનુરોધથી વિરામનો પ્રયોગ કરવાથી નાટ્યાર્થ પૂર્ણપણે અનુભવગમ્ય બને છે. અર્થદર્શક વિરામોથી યુકત અને દૃષ્ટિ સમન્વિત વાચિક અભિનય નાટકને સમૃધ્ધ કરે છે.

(૨) <u>અર્પણ :</u>

લીલા અથવા સૌકુમાર્યપૂર્ણ સ્વરોમાં પ્રેક્ષાગૃહને ભરી દે તેવી રીતે શબ્દાવલીનો પાઠ કરવામાં આવે તો તેને અર્પણ કહે છે.

લીલાયમાનમધુરવલ્ગુના સ્વરેણ પૂરયતેવ રંગં યત્ પઠયતે તદ્પ્રણમ્ ।

ગંભીર તથા મધુર સ્વરે પાત્ર ધ્વારા કરવામાં આવતા પાઠથી પ્રેક્ષકો અભિનીત ભાવોમાં તલ્લીન થઇ જાય તેને અર્પણ કહે છે. તેમાં નટ, નાટ્યકાર ધ્વારા ઉન્નીત સંવેદના પ્રેક્ષકોને અર્પણ કરે છે.

(૩) <u>વિસર્ગ</u>

વિસર્ગ એટલે વાકય પુરું કરવું તે. વિસર્ગો નામ વાકયન્યાસઃ ।

વાકયની સમાપ્તિને ભરતમુનિએ વિસર્ગ સંજ્ઞા આપી છે.

(૪) <u>અનુબન્ધ</u>

બે અથવા વધારે પદો (શબ્દો)ની વચ્ચે વિચ્છેદ ન કરવો અથવા તેમનો ઉચ્ચાર કરતી વેળા શ્વાસ ન છોડવો તેને અનુબંધ કહે છે.

અનુબન્ધો નામ પદાન્તરેષ્ટપિ વિચ્છેદઃ અનુચ્છ્વસનં વા ।

પાઠ્યની શૃંખલા જાળવી રાખવી તેને ભરતમુનિએ અનુબન્ધ સંજ્ઞા આપી છે.

(૫) **દીપન :**

જે સ્વર ત્રણ સ્થાનેથી (ઉર, કંઠ, મસ્તક) ઉચ્ચારિત થઇ ક્રમશ: વધતો જાય તેને દીપન કહે છે. દીપનં નામ ત્રિસ્થાનશોભિ વર્ધમાનસ્વરશ્ચેતિ ।
વિભિન્ન સ્થાનેથી ઉત્થિત સ્વરનું ઉત્તરોત્તર દીપ્ત થવું દીપન કહેવાય છે એવો ભરતમુનિનો અભિપ્રાય છે.

(૬) **પ્રશમન:**

ઉંચે ચઢાવેલા સ્વરને વૈસ્વર્ય વિના ધીરે ધીરે નીચે ઉતારવો તેને પ્રશમન કહે છે.
પ્રશમનં નામ તારગતાનાં સ્વરાણાં પ્રશાન્યતામ્ અવૈસ્વર્યેણાવતારમિતિ ।
તાર સ્વરમાં ઉચ્ચારિત સ્વરને ક્રમશ: મન્દ્ સ્થિતિમાં લાવવો તેને ભરતમુનિએ પ્રશમન સંજ્ઞા આપી છે.

**ઉચ્ચારણ અંગો અને સ્વર સ્થાન**

ઉચ્ચારણના આ અંગોનો પ્રયોગ ત્રણ સ્થાનેથી ઉત્પન્ન મન્દ્, મધ્ય તથા તાર સ્વરોના માધ્યમ વડે થતો હોવાનું ભરતમુનિ જણાવે છે. તદાનુસાર કોઇ દૂરસ્થ પાત્રને બોલાવવા માટે તાર સ્વરનો કે જે મૂર્ધા સ્થાનથી ઉત્પન્ન થાય છે તેનો પ્રયોગ કરવો જોઇએ. જો પાત્ર વધારે દૂર ન હોય તો તેને બોલાવવામાં કણ્ઠ સ્થાનથી ઉત્પન્ન થનારા મધ્ય સ્વરનો પ્રયોગ કરવો જોઇએ તથા કોઇ સમીપ સ્થિત પાત્ર જોડે વાતચીત કરતી વેળા વક્ષ:સ્થલથી ઉત્પન્ન મન્દ સ્વરનો પ્રયોગ કરવો જોઇએ. આ બધા સંદર્ભમાં ક્યારેય પણ મન્દ સ્વરમાંથી તાર સ્વરમાં કે તાર સ્વરમાંથી એકદમ મન્દ સ્વરમાં પહોંચી જવું ના જોઇએ એવી ભરતમુનિની નટને સ્પષ્ટ ચેતવણી છે.

ભરતમુનિએ ઉચ્ચારણ અંગોના રસાશ્રિત પ્રયોગનું પણ વિધાન કર્યું છે જે આ પ્રમાણે છે.

## રસ અને ઉચ્ચારણ અંગો

ભરતમુનિના મત પ્રમાણે હાસ્ય તથા શૃંગાર રસમાં પાઠ્યને અર્પણ, વિચ્છેદ દીપન અને પ્રશમન અંગોથી યુક્ત, કરુણ રસમાં દીપન તથા પ્રશમન અંગોથી યુક્ત, વીર, રૌદ્ર અને અદ્ભુત રસોમાં વિચ્છેદ, પ્રશમન, અર્પણ, દીપન અને અનુબંધ અંગોથી યુક્ત તથા બીભત્સ અને ભયાનક રસમાં વિસર્ગ, વિચ્છેદ અંગોથી યુક્ત રાખવું જોઇએ.

| રસ | ઉચ્ચારણ અંગ |
|---|---|
| હાસ્ય અને શૃંગાર | અર્પણ, વિચ્છેદ, દીપન, પ્રશમન અંગોથી યુક્ત પાઠ્ય. |
| કરુણ | દીપન તથા પ્રશમન અંગોથી યુક્ત પાઠ્ય |
| વીર, રૌદ્ર અને અદ્ભુત | વિચ્છેદ, પ્રશમન, અર્પણ, દીપન અનુબંધ અંગોથી યુક્ત પાઠ્ય. |
| બીભત્સ અને ભયાનક | વિસર્ગ અને વિચ્છેદ અંગોથી યુક્ત પાઠ્ય |

રસ અને ઉચ્ચારણ અંગો વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરી આપ્યા પછી ભરતમુનિ રસ અને લય વચ્ચેનો સંબંધ આ પ્રમાણે નિરુપે છે.

## રસ અને લય

સ્વરોના ત્રણ પ્રકાર - તાર મન્દ અને મધ્ય - ને આધારે ત્રણ પ્રકારની લય - દ્રુત, વિલમ્બિત અને મધ્ય - ગણાવી ભરતમુનિ આ ત્રણ પ્રકારની લયનો ઉપયોગ વિભિન્ન રસોમાં કરવાનું જણાવે છે.

| રસ | લય |
|---|---|
| હાસ્ય અને શૃંગાર | મધ્ય લય |
| કરુણ | વિલમ્બિત લય |
| વીર, રૌદ્ર, અદ્ભુત, બીભત્સ તથા ભયાનક | દ્રુત લય |

વિવિધ પાઠ્ય ગુણોના વિવેચનના ક્રમમાં ભરતમુનિ વિરામનાં લક્ષણો તથા તેના વિનિયોગ સંબંધી વિસ્તૃત ચર્ચા કરે છે. યથા -

વિરામ વિધાન

વિરામના લક્ષણોની ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે -

(૧) વિરામનો પ્રયોગ પાઠ્યમાં કરવામાં આવે છે.

(૨) અર્થની સમાપ્તિને કારણે વિરામ ઉદ્ભવે છે. અથવા તો અર્થની સમાપ્તિ પર વિરામ નિર્ભર રહે છે. (અર્થસમાપ્તૌ)

(૩) વિરામ પરિસ્થિતિ પર પણ નિર્ભર રહે છે. (કાર્યવશાત્) માત્ર છંદના લક્ષણ પર નહિ પણ વ્યવહારમાં બને છે તેમ એક, બે ત્રણ અથવા ચાર અક્ષરે પણ વિરામ પ્રયોજી શકાય છે.

દા.ત. અરે દુષ્ટ, શું છે ? દુર હટ આગળ વધ, નહિ, તને રોકવામાં આવે છે. ઓ નિર્બળ પુરુષ તું સર્વથા ઉપહાસિત છે. મને તારી સાથે કશી લેવા દેવા નથી.

(૪) આમ નાટકમાં (કોઇપણ કાવ્યકૃતિમાં) સૂચા તથા અંકુર (અભિનવ)ના સંદર્ભમાં થોડા અક્ષરોવાળા શબ્દો પણ હોય છે કે જે વિરામથી સંકળાયેલા હોય છે.

સૂચાસુ ચાઙ્કુરગતે ચ તથોપચારે
સ્વલ્પાક્ષરાણિ હિ પદાનિ ભવન્તિ કાવ્યે । (અધ્યાય ૧૯ શ્લોક ૬૦)

(૫) વિરામનો પ્રયોગ કરતી વેળા ખાસ ધ્યાન રાખવું જોઇએ. કારણ વિરામ અર્થની સ્પષ્ટતા કરી આપવામાં સહાયક નિવડે છે. વિરામો હ્યર્થાનુદર્શકઃ ।

(૬) આ સંદર્ભમાં આનુવંશ્ય શ્લોક ટાંકતાં ભરતમુનિ જણાવે છે કે વાચિક અભિનયમાં વિરામ પર નાટ્યપ્રયોજકે ખાસ ધ્યાન રાખવું જોઇએ કારણ કે અભિનય ઉચ્ચારિત શબ્દોના અર્થ ઉપર નિર્ભર રહે છે.

વિરામેષુ પ્રયત્નો હિ નિત્યં કાર્યઃ પ્રયોક્તૃભિઃ ।
કસ્માદભિનયો હ્યસ્મિન્નર્થાપેક્ષી યતઃ સ્મૃતઃ ॥
(અધ્યાય ૧૯ શ્લોક ૬૧)

(૭) વૃત્તોમાં જ્યાં વિરામો રાખ્યા હોય ત્યાં અલંકારની અપેક્ષા પણ રહે છે. શબ્દના અર્થની સમાપ્તિ પર અથવા શ્વાસ લેવાને લીધે - જે પણ સ્થિતિ હોય - વિરામ અવશ્ય લેવો જોઇએ. (શ્લોક ૬૬)

(૮) તે જે પ્રમાણે જ્યાં અક્ષર અને શબ્દ દીર્ઘ સમાસાવલિમાં સમાવિષ્ટ હોય અથવા તેમનું ઉચ્ચારણ ઝડપથી થતું હોય અથવા તેમનામાંથી અનેક અર્થ પ્રગટ થતાં હોય, અથવા તેમનામાંથી અનેક અર્થ પ્રગટ થતા હોય - આ બધી અવસ્થામાં પાદાન્તે અથવા શ્વાસ લેવા અર્થે પ્રાણવશેન જ્યાં પણ રોકાવું પડે ત્યાં વિરામ યોજવો જોઇએ.

(૯) આ ઉપરાંત બાકીના સ્થળોએ અર્થ પ્રમાણે અર્થવશેન વિરામ પ્રયોજવો જોઇએ. (શ્લોક ૬૭)

(૧૦) આ ઉપરાંત હાથની મુદ્રા જે દિશામાં પ્રયોજાતી હોય તે દિશામાં આંખો સ્થિત હોય તો તેવી પરિસ્થિતિમાં પણ અર્થની સ્પષ્ટતા માટે જરુરી વિરામો સાથે વાચિક અભિનય પ્રયજવો જોઇએ.

યત્ર વ્યગ્રાવુભૌ હસ્તૌ તત્ર દૃષ્ટિ સમન્વિત: ।
વાચિકાભિનય: કાર્યો વિરામૈરર્થદર્શકૈ: ॥ (શ્લોક ૬૨)

(૧૧) રૌદ્ર તથા વીર રસમાં હાથ શસ્ત્ર પ્રહાર કરવામાં રોકાયેલા હોય છે. બીભત્સ રસમાં કુત્સિત વસ્તુનું અવલોકન વિગેરેને કારણે હાથ સંકોચાયેલા હોય છે. હાસ્ય રસમાં હાથ કોઇ વ્યકિત અથવા વસ્તુની તરફ લટકાવેલા અથવા ઢીલા હોય છે. અદ્ભુત રસમાં આશ્ચર્યને કારણે હાથ સ્તબ્ધ અથવા નિષ્ક્રિય હોય છે. કરુણ રસમાં હાથ પ્રલમ્બિત અર્થાત નીચે ઝુકેલા હોય છે. જ્યારે ભયાનક રસમાં હાથ ભયથી સ્તબ્ધ થઇ ગયા હોય છે. (શ્લોક ૬૩/૬૪) આથી આવા તેમજ અન્ય પ્રસંગોમાં અલંકાર તથા વિરામ દ્વારાજ અર્થની સ્પષ્ટતા સાધી શકાય છે.

એવમાદિષુ ચાન્યેષુ પ્રવિચારેડ્ય હસ્તયો: ।
અલઙ્કારવિરામાભ્યાં સાધ્યતે હ્યર્થનિશ્ચય: ॥ (શ્લોક ૬૫)

ભરતમુનિએ 'પાઠ્ય ગુણ' અંતર્ગત કૃષ્યાક્ષર અને તેના વિનિયોગ સંબંધી ચર્ચા આ પ્રમાણે કરી છે.

કૃષ્યાક્ષર તથા તેનો વિનિયોગ

કૃષ્યાક્ષરની વ્યાખ્યા આપતા ભરતમુનિ જણાવે છે કે એ, ઐ, ઓ જેવા દીર્ઘ સ્વરોથી અંત પામતા વ્યંજનો કૃષ્યાક્ષર કહેવાય છે. (અધ્યાય ૧૯ શ્લોક ૬૮)

કૃષ્યાક્ષરની વ્યાખ્યા સ્પષ્ટ કરતાં અભિનવગુપ્ત જણાવે છે કે કૃષ્યતીતિ કૃષ્યો - વિલમ્બિતો લય: તત્ર સાધુનિ કૃષ્યાક્ષરાણિ સન્ધ્યક્ષરાણીત્યર્થ : ।

(અભિનવ ભારતી પૃ.૪૦૨)

અર્થાત્ વિલમ્બિત લય ઉપયુક્ત સન્ધ્યક્ષર કૃષ્યાક્ષર સમજવા જોઇએ.

આમ આ ઇ ઉ જેવા દીર્ઘ અક્ષરથી અંત પામતા વ્યંજનો તેમજ સન્ધ્યક્ષરો કૃષ્યાક્ષર ગણાય.

ભાવગત

ભાગવત અને રસગત કૃષ્યાક્ષરના વિનિયોગ સંબંધી ચર્ચા કરતા ભરતમુનિ જણાવે છે કે વિષાદ, વિતર્ક, પ્રશ્ન તથા ક્રોધની અવસ્થામાં, સંવાદમાં આવા વર્ણો આવે ત્યારે, એક કલા જેટલો વિરામ રાખી પાઠ કરવો જોઇએ. અર્થાત્ આવા વર્ણો ઉપર એક કલા જેટલો વિરામ રાખી વિલમ્બિત લયમાં તેનો પાઠ કરવો જોઇએ. ( અધ્યાય ૧૯ શ્લોક ૬૯)

શેષ અક્ષરોમાં અર્થાનુસાર વિરામ પ્રયોજવો જોઇએ અને આ વિરામ એક, બે, ત્રણ ચાર અથવા પાંચ કલાના સમય પ્રમાણવાળો (વિલમ્બિત) હોવો જોઇએ.

(અધ્યાય ૧૯ શ્લોક ૭૦)

જ્યાં વિલંબિત વિરામ લેવામાં આવતો હોય અર્થાત જ્યાં સૌથી વધારે સમય લેનાર વિરામ હોય ત્યાં ગુરુ અક્ષર રહેવો જોઇએ. પણ ૬ કલાથી અધિક સમય ચાલે તેવો વિરામ (સામાન્ય રીતે) ન પ્રયોજવો જોઇએ. છતાં કાર્ય અથવા આવશ્યકતા અનુસાર જો વધારે સમયવાળો વિરામ પ્રયોજવો પડે તો તે રસ અને ભાવની સ્થિતિ પ્રમાણે પ્રયોજવો જોઇએ.

(અધ્યાય ૧૯ શ્લોક ૭૧-૭૨)

કાવ્યરચનામાં 'પાદો'ના વિભાજનથી વિરામ બને છે પણ રંગમંચ પર અનેક અર્થ પ્રગટ કરવા માટે ચતુર જન નિર્દિષ્ટ ક્રમમાં પરિવર્તન કરી વિરામ પ્રયોજી શકે છે. ( પણ તેમ કરતાં) અશુધ્ધ શબ્દ અને લક્ષણહીન છન્દનો પાઠ કરવો ન જોઇએ તેમજ નિર્દિષ્ટ વિરામ સ્થળ સિવાય અન્ય સ્થાન પર લાંબો સમય અટકવું ન જોઇએ તથા દૈન્યપૂર્ણ અવસ્થામાં સંવાદ બોલતી વખતે કાકુ દીપ્ત ન કરવો જોઇએ. (અધ્યાય ૧૯ શ્લોક ૭૩-૭૪)

અભિનેતા રંગમંચ પર જે કાવ્ય રચનાનો પાઠ કરતો હોય તે કાવ્યના દોષયુક્ત નહીં પણ લક્ષણ તથા ગુણો તેમજ સ્વર અને અલંકારોથી યુક્ત હોવો જોઇએ.

( અધ્યાય ૧૯ શ્લોક ૭૫)

સંસ્કૃત પાઠ્યને માટે જે અલંકાર તથા વિરામ વિષયક નિયમો બતાવ્યા તેનું સ્ત્રી પાત્રો ધ્વારા ઉચ્ચારાતા પ્રાકૃત પાઠ્યમાં પણ અનુસરણ થવું જોઇએ.

(અધ્યાય ૧૯ શ્લોક ૭૬)

નાટ્ય પ્રયોકતા દશરુપકો મંચ પર પ્રદર્શિત કરે ત્યારે પાઠ્ય સંવાદોને ઉચિત સ્વર, કલા, તાલ તથા લયથી યુક્ત રાખી વિચારપૂર્વક પ્રસ્તુત કરે.

(અધ્યાય ૧૯ શ્લોક ૭૭)

આ પ્રમાણે ભાષાવિભેદ, સંબોધનવિધિ, પાત્રોના નામ કાકુ, સ્વર, અલંકાર તથા પાઠયાંગોના વિવરણની સાથે છંદોની તથા ભાષાની પ્રકૃતિનું વિસ્તૃત વર્ણન આપી વાચિક અભિનયનું સાંગ તથા તાત્ત્વિક વિવરણ નાટ્યશાસ્ત્રના ૧૬-૧૭-૧૮-૧૯ એમ ચાર અધ્યાયોમાં આપવામાં આવ્યું છે. તેના વડે પાઠ્યના અંગોની વ્યવસ્થિત રાખી શકાય છે. જે નાટ્યાર્થની ભાવનાને સુવ્યવસ્થિત કરે છે. આમ થવાથી કવિ અથવા નાટ્યકારની ઉદ્ભાવિત સંવેદનાનું, પ્રેક્ષક, સમાહિત દશામાં અવબોધન કરવામાં સમર્થ બને છે. પાઠ્યગુણોનું વ્યવસ્થિત અને સાંગ વિવરણ સર્વપ્રથમ નાટ્યશાસ્ત્રમાંજ મળે છે. પછીના કાળમાં લખાયેલા નાટ્યશાસ્ત્રીય ગ્રંથોમાં પણ તેનું નિરુપણ વિસ્તારપૂર્વક જોવા મળતું નથી જે પ્રયોગદૃષ્ટિનો અભાવ દર્શાવે છે.

ભરતમુનિ નિરુપિત પાઠ્યગુણ વિવરણ તે સમયની નાટ્યપ્રયોગ શૈલીનો પૂર્ણ સંકેત

કરે છે. પાઠ્યગુણની અવજ્ઞા કે ઉપેક્ષા કરવાથી નાટ્યપ્રયોગ નિષ્ફળ નિવડે તેમાં શંકા નથી. સંવાદનો પાઠ, પાઠ્યના વિવિધ ગુણો-ઉપકરણોયુક્ત કરવાથી નટ પ્રયોગને સફળ બનાવી શકે છે. શબ્દવિધાન, છંદવિધાન, અલંકારવિધાન, લક્ષણવિધાન, ભાષાવિધાન, સંબોધનવિધાન, - આ તમામનો સંબંધ અંતે તો પાઠ્યગુણ વિધાન સાથેજ છે એમ નિ:શંકપણે કહી શકાય.